ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

મંગળવાર ૦૩ માર્ચ, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

### 17 વર્ષ જૂની યોજના હવે ગતિમાન : દાહોદ-જાબુઆ સેક્શનમાં પણ કામગીરી પૂરજોશમાં


# ઈન્દોર-ધાર રેલ સેવા શરૂ થવાની શક્યતા

ઝાબુઆ-ધાર વચ્ચેનો કાર્યમાં વિલંબ, ઝડપથી કાર્ય પૂર્ણ કરવા TTM મશીનનો ઉપયોગ

(પ્રતિનિધિ) દાહોદ તા.2

આદિવાસી વિસ્તારમાં રેલ નેટવર્કની મજબૂત કનેક્ટિવિટી માટે મહત્વપૂર્ણ એવા ઈન્દોર-દાહોદ રેલવે લાઈન હવે ધાર-ઈન્દોર વચ્ચેની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી રહી છે. માર્ચ બાદ એન્જિન ટ્રાયલ શરૂ કરવાનો સમય નક્કી કરવામાં આવ્યો છે, જેને ધ્યાનમાં રાખી કામ ઝડપથી આગળ ધપાવવામાં આવી રહ્યું છે.ઈન્દોર થી દાહોદ વચ્ચે ચાલી રહેલા રેલ પ્રોજેક્ટ અંતર્ગત પીથમપુરથી ધાર સુધી એન્જિન ટ્રાયલ યોજાવાનો છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦ માર્ચ બાદ ટ્રાયલ કરવાનો લક્ષ્ય રેલવે બોર્ડ દ્વારા આપવામાં આવ્યો છે. ત્યારબાદ કમિશનર ઓફ રેલવે સેફટી દ્વારા આ રેલ ખંડમાં લીલીઝંડી મળ્યા બાદ વિધિવત રીતે ઈન્દોર-ધાર વચ્ચે રેલ કનેક્ટિવિટી શરૂ કરી દેવામાં આવશે. આ સાથે





ધાર-પીથમપુર સેક્શન માર્ચ બાદ એન્જિન ટ્રાયલની તૈયારી

સમાંતરે દાહોદ-જાબુવા રેલખંડમાં રેલ કનેક્ટિવિટી નું કામ નિર્ણાયક તબક્કામાં પહોંચ્યું છે. દાહોદ થી કતવારા સુધી હવે ફક્ત સિગ્નલિંગ અને ઈલેક્ટ્રીફીકેશનનું કામ પેન્ડિંગ છે. આ સિવાય ના કતવારા રેલવે સ્ટેશન સહિતના તમામ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. ત્યારબાદ કતવારાથી ઝાબુઆ વચ્ચે ઓવરબ્રિજ, અંડર પાસ, સહિતના બીજ ના કામ પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. અર્થવર્કનું કામ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે હવે ઝડપથી રેલના ટ્રેક પાથરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સાથે જ ઓએચઈ તેમજ સિગ્નલ નું કામ પણ સમાંતર ચાલી રહ્યું છે. જે પૂર્ણ થયા બાદ કદાચ આ વર્ષે જ દાહોદ-ઝાબુઆ વચ્ચે પણ રેલમાર્ગ શરૂ થઈ જશે. જોકે ઝાબુઆના રંગપુરા થી ધાર વચ્ચે ભૂમિઅધિગ્રહણનું કામ પૂર્ણ થયા બાદ ટેન્ડરિંગની પ્રક્રિયા શરૂ કરાય છે. આ સાથે આ સેક્શનમાં કેટલાક સર્વે નંબરોને લઈ ચાલી રહેલો વિવાદ હવે કોર્ટમાં ચાલી રહ્યો છે. જેના પગલે આ સેક્શનનું કામ પૂર્ણ થવામાં વિલંબ કામની ગતિ વધારવા TTM મશીન દ્વારા ટ્રેક પેકિંગ શરૂ કરવામાં આવ્યું.ધાર રેલવે સ્ટેશન પર કુલ ચાર પ્લેટફોર્મ બનાવાશે. જેમાંથી ત્રણ મુસાફરો માટે અને એક માલગાડી માટે રહેશે. અલગ-અલગ પ્લેટફોર્મ સુધી પહોંચવા અન્ડરપાસ બનાવવામાં આવ્યા છે. ટિકિટ કાઉન્ટરની ડિઝાઈન આધુનિક રહેશે. જેમાં પીથમપુરથી ધાર સુધી સમશીન દ્વારા પટરી પેકિંગનું કામ ચાલુ છે, જે માર્ચના પ્રથમ સપ્તાહ સુધી પૂર્ણ કરવાનો દાવો કરવામાં આવ્યો છે. પટરી મજબૂત બન્યા બાદ એન્જિન ટ્રાયલ શક્ય બનશે થઈ શકે છે. જોકે ધાર રેલવે સ્ટેશન પર હાલ પટરી ક્રોસિંગનું કામ ચાલી રહ્યું છે. ૨૦૦૮માં ૬૦૦ કરોડના ખર્ચથી શરૂ થયેલી આ યોજના હવે ૨૪૦૦ કરોડ સુધી પહોંચી છે. આવનારા નજીકના સમયમાં ૨૦૪ કિલોમીટર લોંબા રેલ પ્રોજેક્ટમાં દાહોદ-જાબુવા તેમજ ધાર- ઈન્દોર સેક્શનનો ૧૧૮ કિલોમિટરનો ભાગ તમામ પ્રકારનો સિક્યુરિટી ચેક કર્યા બાદ શરૂ કરવામાં આવશે. જ્યારે બાકીનો ઝાબુઆ ધાર વચ્ચે ૯૬ કિલોમીટરના રેલખંડને શરૂ થવામાં હજી લાંબો સમય લાગી શકે છે.

### વેજલપુર ગામમાં ઠેરઠેર ભયંકર ગંદકી

## રમઝાન માસ હોવા છતાં સાફ સફાઈ કરાવવામાં તંત્ર નિષ્ફળ

(પ્રતિનિધિ) કાલોલ તા.2

ઈસ્લામ ધર્મનો પવિત્ર મહિનો રમજાન માસ ચાલી રહયો છે જેમાં મુસલમાનો પવિત્ર રમજાન ના મહિના માં સાફ સફાઈ ની સાથે રોજા રાખી આખો મહિનો ખુદા ની ઈબાદત કરે છે અને મુસ્લિમ સમુદાય ના લોકો રમજાન માસ શરૂ થાય તે પહેલાં પવિત્ર રમજાન ની ખુશી માં આખા ઘરની સાફ સફાઈ કરે છે અને પવિત્ર રમજાન માસ ની અગાઉ થી પુરજોશમાં તૈયારીઓ કરે છે ત્યારે કાલોલ તાલુકા ના વેજલપુર ગ્રામ પંચાયત ગામમાં સાફ સફાઈ માં નિષ્ફળ ગયેલ છે ગામમા ઠેરઠેર ભયંકર ગંદકી ના ઢગલા જોવા



મળે છે પવિત્ર રમજાન માસ હોવા છતાં વેજલપુર ગ્રામ પંચાયત સાફ સફાઈ ન થતા મુસ્લિમ સમાજ ના લોકો માં ભારે નારાજગી જોવા મળી ગુજરાત સરકાર સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા ની લાખો રૂપિયા ની ગ્રાન્ટો ફાળવે છે તેમ છતાં વેજલપુર ગ્રામ પંચાયત માત્ર કાગળો ઉપર સફાઈ કરતી હોય તેવું લાગી રહયુ છે અને ઉચ્ચ કક્ષા ના અધિકારીઓ તેની તપાસ પણ કરતી નથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ના પાપે વેજલપુર ગામની ભોળી પ્રજાને ગંદકી સામનો કરવો પડે છે અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત ને છૂટો દોર આપી દીધો હોવાથી સ્વચ્છતાની ગ્રાન્ટો બારોબાર સગેવગે કરતા હોવાનું લાગી રહયુ જેના કારણે વેજલપુર ગ્રામજનો પાયા ની સુવિધાઓ વંચિત રેહતા હોય છે વેજલપુર ગામમાં ભયંકર ગંદકી ના કારણે ગામમાં રોગચાળાની દહેશત સતાવી રહી છે.

### રૂા.11,520ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

## કાલોલના ઓડ ફળિયામાં જુગાર રમતા પાંચ ઝબ્બે

(પ્રતિનિધિ) કાલોલ તા.2

કાલોલ પોલીસ સ્ટેશનના સીનીયર પીઆઈ આર ડી ભરવાડ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેઓને બાતમી મળેલ કે ઓડ ફળિયામાં આવેલા ખુલ્લી જગ્યામા કેટલાક ઈસમો પાના પતાનો પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડે છે જે આધારે પોલીસે રેડ કરતા કેટલાક ઈસમો ગોળ કુંડાળુ કરી કંઈક રમતા જોવા મળ્યા પોલીસને જોઈને બેસેલા ઈસમો નાસવા લાગ્યા હતા. પોલીસે ચારે બાજુએ કોર્ડન કરી પાંચ ઈસમોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલ ઈસમો (૧) હેમંતકુમાર ઉર્ફે નાનો જગુભાઈ વાઘેલા (૨) વસંતભાઈ ભાઈલાલભાઈ ઓડ (૩) જગદીશકુમાર ઉર્ફે જગો દેવાભાઈ મકવાણા (૪) મહેશભાઈ ભાઈલાલભાઈ ઓડ (૫) જગદીશભાઈ ઉર્ફે રાજુભાઈ ધનાભાઈ મકવાણા એમ પાંચ ઈસમોની અંગ જડતીમાથી રૂ ૬,૮૦૦/ તથા દાવ પરના રૂ ૪,૭૨૦/ તથા પાના પતાની કેટ મળી કુલ રૂપિયા ૧૧,૫૨૦/ નો મુદામાલ કબજે કરી પાંચેય ઈસમો સામે જુગારધારા ની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનિય છે, કાલોલ પોલીસની સક્રિયતાના કારણે અસામાજિક તત્વોમાં ભારે ખોફ ફેલાયો હોવાનું જાણવા મળેલ છે.આગામી સમયમાં પોલીસ દ્વારા વધુ સ્થળોએ રેડ કરાય તો નવાઈ નહીંની ચર્ચા ચાલી રહી છે.

### રૂપિયા 4.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

## શહેરાના નાકુડી રોડ પરથી વન વિભાગે લાકડા ભરેલી ટ્રક ઝડપી

(પ્રતિનિધિ) ગોધરા તા.2

પંચમહાલ જિલ્લાના શહેરા વન વિભાગે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર રીતે વન પેદાશની હેરફેર કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરી છે. પરીક્ષેત્ર વન અધિકારી આર.વી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ શહેરા રાઉન્ડ સ્ટાફ દ્વારા બોડીદ્રાથી કોઠંબા રોડ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ દરમિયાન નાકુડી રોડ પરથી પસાર થઈ રહેલી ટ્રક નંબર GJ-09-V-5585 ને અટકાવી તપાસ કરતા તેમાં પાસ-પરમીટ વિના ભરેલો લીલો, તાજો પંચરાઉ લાકડાનો જથ્થો મળી



આવ્યો હતો. વન વિભાગની ટીમે લાકડા તથા વાહન સહિત અંદાજે 4,10,000 નો મુદ્દામાલ સરકાર હસ્તક જપ્ત કર્યો છે.

વધુ તપાસ અર્થે જપ્ત કરાયેલ ટ્રકને શહેરા રેન્જ કચેરીના કમ્પાઉન્ડમાં ખસેડવામાં આવી છે.

આ સફળ કાર્યવાહીમાં શહેરા રાઉન્ડ ફોરેસ્ટર એસ.બી. માલીવાડ, બીટ ગાર્ડ બી.એન. રાવલ, કાર્યકારી રોજમદાર એ.બી. બારીયા તેમજ શેખપુરના કાર્યકારી રોજમદાર ડી.એસ. પટેલીયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### વૈષ્ણવાચાર્યની હાજરીમાં ડેરોલ સ્ટેશન ખાતે ઉત્સવ યોજાયો

## ડેરોલ વૈષ્ણવ સમાજ દ્વારા ફૂલ ફાગ મનોરથનું આયોજન



(પ્રતિનિધિ) કાલોલ તા.2

આજરોજ રવિવારે ડેરોલ સ્ટેશન ખાતે ગોવર્ધન નાથજી હવેલી ખાતે હોળીના રસિયા અને ફુલ ફાગ મનોરથ નુ આયોજન ડેરોલ વૈષ્ણવ સમાજ દ્વારા ગોવર્ધનનાથજી હવેલી ખાતે કરવામાં આવ્યું હતું જેમાં પુષ્ટિ ભકિત પ્રેરક પૂ. પા. ગો. 108 શ્રી રવિકુમારજી મહારાજશ્રી (મથુરા-કાંકરોલી-વડોદરા-ભરૂચ) , અ . સૌ શ્રીયાંગના વહુજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા સાંજના ૬ કલાકે ગોવર્ધનનાથજીના ભવ્ય દર્શન યોજાયા હતા ત્યારબાદ ફુલ ફાગ મનોરથ નું આયોજન કરવામાં આવ્યું હતું ડેરોલ સ્ટેશનના શ્રીકૃષ્ણ ભજન મંડળ દ્વારા સંગીતમય સુરાવલી દ્વારા ફુલફાગ રસપાન નું ગાન કરવામાં આવ્યું હતુ. સમગ્ર ડેરોલમાં વ્રજભૂમિ જેવો માહોલ સર્જાયો હતો ગુલાબના પાન દ્વારા વૈષ્ણવો હોળીનો ખેલ ખેલ્યા હતા.

### દાહોદના લઘુમતી વિસ્તારમાં ગૌરક્ષકો ઉપર હુમલો: ૧૨ લોકો સામે નામ જોગ ગુનો દાખલ કરાયો

## કોમ્બિંગ દરમિયાન પોલીસે ત્રણ શકમંદોની અટકાયત કરી: મારક હથિયારો કબજે લેવાયા

(પ્રતિનિધિ) દાહોદ તા.2

દાહોદ શહેરમાં ગત મોડી રાતે લઘુમતી વિસ્તાર ગણાતા કસ્બા પટણી ચોકમાં ગૌરક્ષકોની ટીમે પીકઅપ ફોરવીલ ગાડીમાં કતલ કરવાના ઈરાદે લઈ જવાતા પશુઓને બચાવવાનો પ્રયાસ કરી પીછો કરતા વિસ્તારમાં વિફરેલા સ્થાનિક ટોળાએ ગૌરક્ષકોની ટીમ પર મારક હથિયારો વડે હુમલો કરી પથ્થરમારો કરતા આ હુમલાની ઘટનાને પગલે વાતાવરણ તંગ બન્યું હતું ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સ્થિતિ પર કાબુ મેળવતા ટોળું વિખરાઈ ગયું હતું. ત્યારે બીજી તરફ ઘટનામાં ઈજાગ્રસ્ત ત્રણ ગૌરક્ષકો ને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પર કોમ્બિંગ હાથ ધરી ત્રણ જેટલા શંખ મદોની અટકાયત કરી મારક હથિયારો કબજે લઈ આ ઘટનામાં સામેલ ૧૨ જેટલા ઈસમો વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ



કરી ગુનો નોંધી અન્ય ફરાર આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. દાહોદ શહેરમાં ગતરોજ મોડી રાતે બે વાગ્યાના સુમારે કસ્બા પટણી ચોકમાં ગૌરક્ષકો ઉપર થયેલા હુમલાના ચકચારી બનાવના પગલે સમગ્ર દાહોદ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જેમાં કસ્બા વિસ્તારમાં રહેતા અબરાર મકરાણી અને તેની સાથેનો પીન્ટુ કુરેશી એમ બંને ઈસમો એક પીકપ ફોરવીલ ગાડીમાં સાત જેટલી ભેસોને કતલ કરવાના ઈરાદે ટૂંકા દોરડા વડે મુશ્કે ટાટ બાંધી પાણી કે ઘાસચારાની સુવિધા રાખ્યા વિના ખીચો ખીચ ભરી પીકપ ફોરવીલ ગાડી અને ગફલત ભરી રીતે હંકારી લાવી રહ્યા હતા. આ અંગેની જાણ દાહોદના ગૌરક્ષકોને થતા ગૌરક્ષકોની ટીમ બોલેરો ગાડીમાં બેસી કતલખાને જવાતા પશુઓને બચાવવા માટે ભેંસો ભરેલ પીકપ ગાડીનો પીછો કર્યો હતો. પીકપ ગાડી દાહોદ શહેરના કસબા પર થી એકમાં ધોંપતાની સાર કર લાકડી, પાઈપો જેવા મારક હથિયારો સાથે ગૌરક્ષકો પર તુટી પડયા હતા. સાથે સાથે ગૌરક્ષકોની ગાડી પર પથ્થર મારો તેમજ તોડફોડ કરી આશરે રૂપિયા ૧.૨૦ લાખનું નુકસાન પહોંચાડયું ઘટના બાદ ગઈકાલે દાહોદની ગૌરક્ષકની ટીમ દાહોદ જિલ્લા પોલીસવડાની મુલાકાતે પણ પહોંચી હતી અને પોલીસવાળા સમક્ષ જરૂરી માંગ પણ કરવામાં આવી હતી.

### દાહોદ ખાતે દ્રષ્ટિ નેત્રાલયની પહેલ

## હોળી અને ધુળેટી દરમિયાન આંખની સારવાર ચાલુ રહેશે

(પ્રતિનિધિ) દાહોદ તા.2

હોળી અને ધુળેટી એ રંગો તેમજ ઉલ્લાસનો તહેવાર છે આ તહેવારમાં લોકો કલર તેમજ ઢોલ નગારા સાથે નાજ ગામ સાથે તહેવાર મનાવતા હોય છે દાહોદ જિલ્લામાં હોળી પર્વની ઉજવણી અન્ય શહેરો કરતા વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. તેમાંય અમુક સ્થળોએ ઢોલ તેમજ લાકડીઓથી જુલ અને મેળાઓમાં નાજ ગાન કરી તહેવાર મનાવતા હોય છે કલર સામસામે નાખવાથી આંખમાં કલર પડવાના બનાવ બનતા હોય છે કલરમાં કેમિકલ આંખમાં જતા આંખની કીકીને નુકસાન થાય છે ઉત્તમ ગુણવત્તાવાળા કલર વાપરવા જોઈએ બાળકોની આંખમાં તકલીફ મોટાભાગે કલરની રમત રમતા થાય છે આ પ્રકારની આંખની તકલીફથી બચવા માટે બાળકોના આંખ અને ચહેરાનું રક્ષણ કરવું જોઈએ તેમજ બાળકો પર નજર નજર રાખવી જોઈએ હોળી તેમજ ધૂળેટીના તહેવાર સમયે આંખમાં કલર અને ઈજા થાય તો સારવાર મળી રહે તે માટે દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલિયા રોડ દાહોદ ખાતે તારીખ 03 મંગળવાર તેમજ તારીખ 04 બુધવાર ના રોજ એમ બે દિવસ 24 કલાક માટે આપાતકાલીન ઈજા વિભાગ ચાલુ રાખવામાં આવનાર છે એમ દ્રષ્ટિ નેત્રાલયના ડાયરેક્ટર અને બાળકોની આંખના નિષ્ણાંત ડોક્ટર શ્રેયાબેન શાહ દ્વારા જણાવાયું છે 02673-238700 મોબાઈલ નંબર 99090-08838 Mo. 8288303873 Mo. 7096688222

### લોકોએ હોળીની પૂજા અર્ચના પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી

## પાવાગઢના શ્રી મહાકાળી માતાજીના મંદિર પરિષદમાં શાસ્ત્રોક્ત વિધિવત રીતે હોળી પ્રગટાવવામાં આવી

(પ્રતિનિધિ) હાલોલ તા.2

પંચમહાલ જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢના ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાના મંદિર પરિષદમાં આજે સોમવારે સાંજે 6 કલાકે શાસ્ત્રોત વિધિવત રીતે હોળીને પ્રગટાવવામાં આવી હતી ત્યારબાદ 50 કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામમાં હોળીને પણ પ્રગટાવવામાં આવી હતી ભક્તો દ્વારા વાતાવરણની શ્રુધી અર્થે હોળીમાં નાળિયેર,ધૂપ તેમજ કપૂરની ગોટીઓ પધરાવવામાં આવી હતી જ્યારે નાના બાળકોને શીતળા હોળી પધારેલા હોય તે માટે માન્યતા રાખેલા લોકોએ ગાયના છાણમાંથી બનાવેલ મેડમ એરિયાનો હાઈડા બનાવી હોળીમાં પધરાવ્યા હતા અને લોકોએ હોળીની પૂજા અર્ચના પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી જ્યારે આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટીઓ અને ભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા



### ડેરોલ સ્ટેશન ખાતે મકાનમાં સંતાડેલો વિદેશી દારૂ ઝડપી પડાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.2

કાલોલ પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ મા હતો ત્યારે ડેરોલ સ્ટેશન ખાતે આવતા ખાનગી રાહે બાતમી મળી કે ડેરોલ સ્ટેશન રહેતો લિસ્ટેડ પ્રોહી બુટલેગર અશ્વિનભાઈ ગણપતભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છુટક વેચાણ કરે છે જે આધારે પોલીસે રેડ કરતા મકાન ખુલ્લુ જોવા મળ્યુ હતુ પોલીસે ખુલ્લા મકાનમાં તપાસ કરતા રસોડાના ભાગે મીણીયા થેલો મળી આવ્યો હતો જેમાંથી ૧૮૦ મી. લી. વિદેશી દારૂ ભરેલ પ્લાસ્ટિકના ૯૬ બોટલો જેની કિંમત રૂ ૧૨,૪૮૦/ નો મુદામાલ કબજે કરી હાજર નહી મળેલ બુટલેગર વિરુદ્ધ પ્રોહી એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવી.

### સુખસર તાલુકાના હિંગલા પ્રાથમિક શાળામાં રંગોત્સવ ઉજવાયો

## વિજ્ઞાનના પ્રયોગો, સંગીતના તાલે હોળીના પર્વની ઉજવણી

( પ્રતિનિધિ ) સુખસર,તા.2

સુખસર તાલુકાના હિંગલા પ્રાથમિક શાળા ખાતે 28 ફેબ્રુઆરી શનિવારના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' અને 'હોળી-ધૂળેટી'ના પર્વની અભૂતપૂર્વ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રાંગણમાં જ્ઞાનના પ્રકાશ અને ઉત્સવના ઉમંગનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. જેમાં ગુરુ-શિષ્યના સંબંધોમાં લાગણીના રંગો પુરાયા હતા. ભારતીય વૈજ્ઞાનિક સર સી.વી. રામનની સ્મૃતિમાં આયોજિત આ કાર્યક્રમમાં વિજ્ઞાન શિક્ષક મેહુલકુમાર આર. પંચાલ ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો અને ચાર્ટ્સનું પ્રદર્શન કર્યું હતું. બાળકોમાં રહેલી જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક અભિગમને આ તકે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હોળી-ધૂળેટીની ઉજવણી રહી હતી. સંગીતના કર્ણપ્રિય અવાજ અને ઢોલના તાલે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. સંગીતની ધૂન સાંભળીને આચાર્ય,તમામ શિક્ષકો અને



વિદ્યાર્થીઓ સ્વયંભૂ ઝુમી ઉઠ્યા હતા. હરખઘેલા થઈને સૌએ નૃત્યનો આનંદ માણ્યો હતો.અને શાળાનું પ્રાંગણ આનંદના મહાસાગરમાં ફેરવાઈ ગયું હતું. ઉત્સવ દરમિયાન શિક્ષકોએ એકબીજાને પરસ્પર રંગો કરી સ્નેહ વ્યક્ત કર્યો હતો.તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પરસ્પર રંગોના છાંટણા કરી લાગણીની અતૂટ ભાવના વ્યક્ત કરી હતી.આ ઉજવણીએ સાબિત કર્યું કે,હિંગલા પ્રાથમિક શાળા એ માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી,પણ એક અતૂટ પરિવાર છે.